આજે છઠ પૂજા: તૈયારીઓને આખરી ઓપ અપાયો



■ આજે છઠ પૂજાનો ત્રીજો દિવસ સૌથી મહત્વપૂર્ણ છે. આ દિવસે સાંજનું અર્ધ્ય આપવામાં આવે છે. સુરત શહેરમાં લાખોની સંખ્યામાં વસતા બિહાર, યુપી, ઝારખંડના સહિતના ભક્તો માટે સુરતના વિવિધ ઓવારા તેમજ જળાશયો પાસે છઠપૂજાની તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી છે. આજે લાખોની સંખ્યાં ભક્તો સૂર્યદેવને અર્ધ્ય અર્પણ કરી ધન્યતા અનુભવશે. **(તસવીરઃ સતીષ જાદવ)**

પાંડેસરામાં ચપ્પુની અણીએ બે મોબાઈલ ફોન લૂંટી લીધા

પેસેન્જરના સ્વાંગમાં લૂંટ ચલાવનાર ચાર સામે ગુનો નોંધાયો

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં રાત્રિના અરસામાં કારમાં પેસેન્જર તરીકે બેસેલા અને અન્ય શખ્સોએ મળીને કારચાલક યુવાનને છરી બતાવી જીવલેણ હુમલો કર્યો હતો અને મારઝૂડ કરીને રૂ. 20,000ની કિંમતના બે મોબાઈલ ફોન લૂંટી લીધાની અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે.

મૂળ રાજસ્થાન અને હાલ સુરતના પાંડેસરા વડોદ પોલીસ ચોકી પાસે સાંઈ મોહન સોસાયટી-5માં રહેતા અનિલ બદરીપ્રસાદ મીણા (ઉ.વ. 22) ડ્રાઈવિંગનું કામ કરે છે. 11મી નવેમ્બરે રાત્રિના એકાદ વાગ્યાના અરસામાં અનિલભાઈ પોતાની કાર લઈને પાંડેસરા તિરુપતિ સર્કલથી અલથાણ તરફ જવાના જાહેર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.તે દરમિયાન કારમાં પેસેન્જર તરીકે બેસેલા ત્રણ અજાણ્યા ઈસમો અને પાછળથી આવેલો એક અન્ય ઈસમ મળીને કુલ ચાર અજાણ્યા શખ્સોએ લૂંટ ચલાવી હતી. ચારેય શખ્સો પૈકી સૌથી બટકા ઈસમે અનિલભાઈના ખિસ્સામાંથી તેમનો મોબાઈલ કાઢી લીધો હતો. ડાબા હાથમાં સ્ટારનું ટેટુ ધરાવતા ઈસમે મળીને અનિલભાઈના બંને હાથ પકડી રાખ્યા હતા અને ઢીક્કા-પાટુનો બેફામ માર મારવા લાગ્યા હતા. આ દરમિયાન લાંબા વાળવાળા ઈસમે છરી કાઢીને અનિલભાઈ પર હુમલો કરતાં જમણી બાજુ પડખાના ભાગે વાગતા સામાન્ય ઈજા થઈ હતી. આરોપીઓએ કુલ રૂ. 20,000ની કિંમતના બે મોબાઈલ ફોન લૂંટી લીધા હતા અને નાસી છૂટ્યા હતા.આ બનાવ અંગે અનિલભાઈએ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ચારેય અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પાંડેસરા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમો અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધીને આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવીને લૂંટારુ ગેંગને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલમાં પાઈપલાઈન તૂટતા લાખો લિટર પાણી વેડફાયું

માજી કોર્પોરેટર ઉષાબેન પટેલની અનેક ફરિયાદો છતાં પાલિકા તંત્ર 'આંખ આડા કાન' કરી રહ્યું છે; અધિકારીઓ ફિલ્ડમાં ફરકતા ન હોવાનો આક્ષેપ



સુરતઃ એક તરફ 'જલ એ જીવન છે' અને 'પાણી બચાવો'ના નારા પોકારવામાં આવે છે, તો બીજી તરફ હજારો લિટર શુદ્ધ પીવાનું પાણી ગટરમાં વહી રહ્યું છે. પાલ વિભાગીય વોર્ડ કચેરી પરિસરમાં આવેલી પાણીની ટાંકી છેલ્લા કેટલાક મહિનાઓથી અવારનવાર ઊભરાતી રહે છે, જેના કારણે લાખો લીટર પાણીનો બગાડ થવા છતાં સંબંધિત અધિકારીઓ દ્વારા કોઈ જ કાયમી ધોરણે વાલ્વ મેનેજમેન્ટ કે ઓવરફ્લો અટકાવવા માટેના પગલાં લેવામાં આવ્યા નથી. આ સ્થિતિ લાંબા સમયથી યથાવત હોવા છતાં અધિકારીઓ માત્ર એસી ઓફિસોમાં બેસી રહે છે અને ક્યારેય ફિલ્ડ વિઝિટ કે સ્થળ તપાસ કરવાની તસ્દી સુદ્ધાં લેતા નથી, જેને લઈને સ્થાનિક નાગરિકોમાં તંત્ર સામે આક્રોશ ફેલાયો છે.

આ જ વિસ્તારમાં પાલ નાયરા પેટ્રોલ પંપની બહાર મુખ્ય પાણીની લાઈન છેલ્લા છ દિવસથી તૂટેલી હાલતમાં છે અને તેમાંથી પાણી રસ્તા પર વહી રહ્યું છે. અગાઉ 16 જૂનના રોજ પણ આ જ લાઈન તૂટી હતી, પરંતુ તંત્ર દ્વારા માત્ર ઉપરછલ્લી અને કામચલાઉ મરામત કરવામાં આવતી હોવાના કારણે વારંવાર આ લાઈનો ફાટી જાય છે અને પ્રશ્ન કાયમી રૂપે ઉકેલાતો નથી. માજી કોર્પોરેટર ઉષાબેન પટેલ દ્વારા આ બંને જગ્યાએ થઈ રહેલા પાણીના વેડફાટ અંગે અગાઉ અનેકવાર લેખિત તથા ઓનલાઈન ફરિયાદો કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે અને ઓનલાઈન અરજીઓ પર પણ કોઈ નક્કર કાર્યવાહી થતી નથી. એકબાજુ સરકાર દ્વારા રેઈન વોટર હાર્વેસ્ટીંગ જેવા જલ સંચયના મોટા-મોટા અભિયાનો ચલાવવામાં આવે છે, તો બીજી તરફ પાલિકાની પોતાની નજર સમક્ષ આ પ્રકારે પાણીનો બેફામ બગાડ થવો એ તંત્રની નિષ્ક્રિયતા સાબિત કરે છે.

સચિન GIDCમાં યોગ્ય કામ ન મળતા યુવકે ફાંસો ખાધો

સુરતઃ સચિન જીઆઇડીસીમાં યોગ્ય કામ ન મળતા યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલ ઓમ રેસીડેન્સીમાં 27 વર્ષીય દશરથ સોહનલાલ નિશાદ સંબંધી સાથે રહેતો હતો અને જેકાર્ડ મશીન પર કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. શુક્રવારે સવારે દશરથે રૂમમાં લોખંડના હુક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં દશરથને નશાની કુટેવ હતી. યોગ્ય કામકાજ ન મળવાને કારણે તેણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

માનિસક તણાવમાં અડાજણના વૃદ્ધે કોઝ વેમાં પડતું મૂક્યું

સુરતઃ અડાજણના વૃદ્ધે માનિસક તણાવમાં કોઝ વેના પાણીમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. મોપેડ અને ચંપલ બહારથી પરથી મળી આવતા ઓળખ થઈ હતી. મળતી માહિતી મુજબ, અડાજણ વિસ્તારમાં શાંતિનીકેતન સોસાયટીમાં રહેતા 64 વર્ષીય નિવૃત્ત રાજેશભાઈ ઈશ્વરભાઈ વેલાવાલાએ આજે સવારે તાપી નદીના વીયરકમ કોઝવેમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. રાજેશભાઈ નિત્યક્રમ મુજબ સવારે વોકિંગ કરવા નીકળ્યા હતા. પરંતુ પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન કોઝવે પરથી તેમની મોપેડ અને ચંપલ મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયરજવાનોએ તરત જ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને તાપી નદીમાંથી રાજેશભાઈનો મૃતદેહ બહાર કાઢીને ચોકબજાર પોલીસને સોંપ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં રાજેશભાઈ છેલ્લા પાંચ-છ દિવસથી કોઈ માનસિક તણાવમાં રહેતા હતા. જેના કારણે તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે.

સચિનમાં નોકરીએ જતા આધેડને રિક્ષા ચાલકે અડફેટે લેતાં મોત

સુરતઃ સચિનમાં નોકરીએ જતા આધેડને રિક્ષા ચાલકે અડફેટે લેતા મોત થયું હતું. મૂળ બિહારના વતની અને હાલમાં સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલ ઈશ્વર નગરમાં આવેલા મૌયાની ચાલમાં રહેતા 54 વર્ષીય દિનેશ પ્રસાદ સિંગ ગત તા.11મીએ સાંજે ચાલતા ચાલતા સચિન ખાતેની કંપનીમાં નોકરીએ જવા નીકળ્યા હતા. તે વખતે સચિન જીઆઇડીસીના રોડ નંબર 3 પર રાજકમલ ચોકડી પાસે એક કાર સામેથી આવતી હતી. જેના લીધે રીક્ષા ચાલકે દિનેશને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં તેમને ગંભીર ઈજા થતા તે જ રિક્ષા ચાલક તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું શુક્રવાર સાંજે મોત નીપજ્યું હતું.

પોલિએસ્ટર યાર્નના MELTના ભાવમાં 1 માસમાં 3 વખત ઘટાડો

લગ્નસરાની સિઝનમાં કાપડની ડિમાન્ડ નહીં નીકળે તો ઉત્પાદકો પર ભાવ ઘટાડવાનું દબાણ વધશે

સુરત : પોલિએસ્ટર યાર્નના ઉત્પાદન માટે વપરાતા રો-મટીરિયલ MELTના ભાવમાં છેલ્લા એક મહિનામાં ત્રણ વખત ઘટાડો નોંધાયો છે. દિવાળી સિઝન પહેલાં યાર્ન ઉત્પાદક કંપનીઓએ બજારમાં ભાવ ટાઈટ રાખતાં યાર્નના ભાવ સતત ઊંચા રહ્યા હતા. જોકે, હવે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડા સાથે ક્રૂડમાંથી બનતા યાર્નના રો-મટીરિયલના ભાવમાં પણ કરેક્શન શરૂ થયું છે.

રો-મટીરિયલના ભાવની વાત કરીએ તો 17 ઓક્ટોબરે PTAનો ભાવ રૂપિયા 107.60, MEG રૂપિયા 71.70 અને MELT રૂપિયા 116.91 હતો. ત્યારબાદ 7 નવેમ્બરે PTA ઘટીને રૂપિયા 100.80, MEG રૂપિયા 71 અને MELT રૂપિયા 110.83 થયો હતો. હવે 14 નવેમ્બરથી અમલી નવા ભાવ મુજબ PTA વધુ ઘટીને રૂપિયા 98.60 અને MELT રૂપિયા 108.94 થયો છે, જ્યારે MEG રૂપિયા 71 પર સ્થિર રહ્યો છે.

આમ, એક મહિનામાં MELTના ભાવમાં રૂપિયા 7.97 પ્રતિ કિલોનો ઘટાડો થયો છે. અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટીને બંને ગૃહોમાં મળેલા પરાજય બાદ ક્રૂડના ભાવમાં નરમાઈ આવવાની બજારમાં ચર્ચા છે. તેની અસર પેટ્રોકેમિકલ રો-મટીરિયલ પર પણ જોવા મળી રહી છે. વિવિંગ ઉદ્યોગના જાણકારોના મતે દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ નવેમ્બરના બીજા પખવાડિયા અને ડિસેમ્બરની લગ્નસરાની સિઝનમાં કાપડની ડિમાન્ડ નહીં નીકળે તો યાર્નના રો-મટીરિયલના ભાવમાં હજુ વધુ ઘટાડો થઈ શકે છે.

સુરતમાં ભરીપૂરી માતાને સવા રૂપિયો ચડાવવાની પરંપરા આજે પણ અકબંધ

પ્રસાદ રૂપે પરત સવા રૂપીયા બરકતનો માનીને ઘરે તિજોરીમા મુકવામાં આવે છે





સુરત : ધર્મ અને આસ્થાની નગરી સુરતમાં ભક્તિભાવનું એક અનોખું કેન્દ્ર એટલે ભરીમાતા પાસે બિરાજમાન શ્રી ભરીપુરી માતાજીનું પવિત્ર સ્થાન, અહીં માતાજીના પાવન ચરણોમાં સવા રૂપિયાની માનતા સાથે ભક્તો પોતાની અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ વ્યક્ત કરે છે. ખાસ કરીને નવા વર્ષની ઉજવણી બાદ લોકો ભરીપુરી માતાજીના દર્શને આવે છે. અને સાથે સવા રુપીયાનું કવર લઈને આવે છે. જ્યાં માતાજીનાં ચરણમાં મુકી આશિર્વાદ લેવામાં આવે છે. વર્ષોથી ચાલતી આ પરંપરામાં મંદિર તરફથી પ્રસાદ રૂપે પરત સવા રૂપીયા આપવા આવે છે જે બરકતનો સવા રૂપીયા માનીને શ્રદ્ધાળુઓ પોતાનાં ઘરે તિજોરીમા મુકે છે. અને ફરીથી આવતાં વર્ષે આ સવા રૂપીયા નું કવર લઈને માતાજીનાં દર્શને આવે છે.

આજના મોંઘવારીના યુગમાં જ્યાં રૂપિયાની કિંમત કરતાં પણ લાગણીઓ અને શ્રદ્ધાનું વિશેષ મહત્ત્વ છે, ત્યાં માત્ર સવા રૂપિયાની માનતા ભક્તિની એક સુંદર ભાવના રજૂ કરે છે. ભક્ત માટે આ સવા રૂપિયો માત્ર ચલણી સિક્કો નથી, પરંતુ માતાજી પ્રત્યેની શ્રદ્ધા, સમર્પણ અને વિશ્વાસનું પ્રતીક છે.

બમરોલી રોડ પર ઘર પાસે ગાડી મૂકવા મુદ્દે લોહિયાળ ધીંગાણું

યુવાન પર પ્લાસ્ટીકના બેટ અને ધારદાર હથિયારથી હુમલો

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં ઘરની આગળ મોટરસાઈકલ પાર્ક કરવા જેવી સામાન્ય બાબતમાં પાડોશીઓ દ્વારા આડેધડ લાફા-મુક્કી અને પ્લાસ્ટીકના બેટ વડે લોહિયાળ હુમલો કરવામાં આવ્યો હોવાની અત્યંત ગંભીર ઘટના સામે આવી છે.

બમરોલી રોડ અપેક્ષા નગરની બાજુમાં પુનીત નગરમાં રહેતા અને નવજીવન સર્કલ અપ્સરા સોસાયટીમાં 'શીવ ક્રીએશન' ના નામે કાપડ ઉપર જોબવર્કનું કામ કરતા શિવેન્દ્ર રાજેન્દ્ર સિંહ (ઉ.વ. 41) દ્વારા પાંડેસરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. શિવેન્દ્રભાઈ પોતાના પરિવાર સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે અને રાત્રે સાડા નવ વાગ્યે કામ પતાવીને ઘરે પરત ફર્યા હતા.ઘરની સામે આવેલા ઝાડ નીચે સોસાયટીના પ્લોટ નં. 376 માં રહેતો જીતુ બગેલ, તેનો મિત્ર રાહુલ, સંદીપ તથા અન્ય એક અજાણ્યો શખ્સ પોતાની મોટરસાઈકલ પાર્ક કરીને ઊભા હતા. શિવેન્દ્રભાઈએ જીતુને ગાડી થોડી સાઈડમાં ખસેડવા માટે જણાવતા જીતુ ઉશ્કેરાઈ ગયો હતો અને 'અહીં જ લગાવીશ' કહીને ગાળાગાળી કરવા લાગ્યો હતો. શિવેન્દ્રભાઈએ વિરોધ કરતાં જીતુએ ધક્કામુક્કી કરી ઓટલા પર પડેલું પ્લાસ્ટીકનું બેટ ઉઠાવીને આડેધડ માર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન કોઈ ધારદાર વસ્તુ કપાળના ભાગે વાગી જવાથી શિવેન્દ્રભાઈ લોહીલુહાણ થઈ ગયા હતા. છોડાવવા માટે દોડી આવેલા નાના ભાઈ સોનું સિંહ તથા તેની પત્ની ડાલીબેન (જેઓ સગર્ભા હતા) પર પણ આરોપીઓએ પ્લાસ્ટીકના બેટ અને ગડદાપાટુનો માર મારીને ઈજા પહોંચાડી હતી. હુમલો કરનાર શખ્સો જતા જતા 'સોસાયટીમાં રહેવા નહીં દઈએ અને જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપીને નાસી છૂટ્યા હતા.

ખજોદ કચરા નિકાલ પ્રોજેક્ટમાં વગર કામગીરીએ કરોડોનું ચૂકવણું

પૂર્વ વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ શાસકો અને તંત્રની મિલીભગત સામે સવાલો ઉઠાવ્યા

૫૦ ટકાથી વધુ કચરો પડ્યો હોવા છતાં રૂ.૨૧૬ કરોડ ચૂકવાયાનો દાવો

સુરત : સુરત મનપામાં કચરામાં કરોડો રૂપિયાના વેરાના નાણાંની આડેધડ વહેંચણી અને ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ પૂર્વ વિપક્ષી નેતા પાયલ સાકરિયા દ્વારા કરાયા છે. આક્ષેપો કરતા જણાવ્યું છે કે, ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર વર્ષોથી જમા થયેલા લાખો ટન જૂના કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટે કોન્ટ્રાક્ટ અપાયો હતો. આ કરારની સ્પષ્ટ શરત હતી કે ઈજારદાર દ્વારા નિર્ધારિત 3 વર્ષના સમયગાળાની અંદર કુલ 30 લાખ મેટ્રિક ટન કચરાનો પ્રોટોકોલ મુજબ વૈજ્ઞાનિક પદ્ધતિએ નિકાલ કરવાનો રહેશે. જોકે, મુદત પૂરી થવા છતાં કોન્ટ્રાક્ટર માંડ 14 લાખ મેટ્રિક ટન આસપાસના કચરાનો જ નિકાલ કરી શક્યો છે અને સાઈટ પર હજુ પણ 50 ટકાથી વધુ કચરાનો જથ્થો જમા પડ્યો છે. વૈજ્ઞાનિક પ્રક્રિયા વગર જ અંદાજીત રૂ. 2,16,26,25,000 જેટલી માતબર રકમ કોન્ટ્રાક્ટરને ચૂકવી દેવામાં આવી છે. દસ્તાવેજો અને તપાસ કમિટીના અહેવાલમાં બહાર આવ્યું છે કે પાછલા વર્ષોમાં પ્રતિદિન 2,500 મેટ્રિક ટન કચરાના હિસાબ અને પ્રતિ મેટ્રિક ટન રૂપિયા 790 ના ઊંચા દર મુજબ આ ચૂકવણી કરવામાં આવી છે, જ્યારે ગ્રાઉન્ડ રિયાલિટી પર પચાસ ટકાથી વધુ કામ અધૂરું જ છે. આ શંકાસ્પદ ચૂકવણીની ફાઈલો પાલિકાની આખી સિસ્ટમમાંથી પસાર થઈ હતી, જેમાં કાર્યપાલક ઈજનેરથી માંડીને વિભાગીય વડા, સિટી એન્જિ., એકાઉન્ટ વિભાગ સુધીના તમામ જવાબદાર અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ હોવાનો આક્ષેપ કરાયો છે.

હાઈસ્પીડ શટલલેસ લૂમ્સ પર કસ્ટમ ડ્યૂટીની મુક્તિ પાંચ વર્ષ લંબાવવા માંગ

2032 સુધી ઝીરો બેઝિક કસ્ટમ ડ્યૂટી ચાલુ રાખવા કેન્દ્રના ટેક્સટાઇલ મંત્રાલયને રજૂઆત

દેશભરમાં 3.50 લાખ વધારાનાં મશીનોની જરૂરિયાત, 15 અબજ ડોલરના મૂડીરોકાણની સંભાવના

સુરતઃ ભારતના ટેક્સટાઈલ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા અને આધુનિકીકરણને વેગ આપવા હાઈસ્પીડ શટલલેસ વીવિંગ મશીનો પર મળતી બેઝિક કસ્ટમ ડ્યૂટી (BCD)ની મુક્તિ વધુ પાંચ વર્ષ લંબાવવાની માંગ ઊઠી છે. પાંડેસરા વીવર્સ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડના પ્રમુખ આશિષ ગુજરાતી દ્વારા કેન્દ્રીય ટેક્સટાઇલ મંત્રાલયનાં સચિવ નીલમ શામી રાવને આ અંગે રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે કસ્ટમ્સ નોટિફિકેશનના સિરિયલ નંબર 260 હેઠળ ચેપ્ટર હેડિંગ 8446 અને 8448માં આવતાં હાઈસ્પીડ વીવિંગ મશીનો પર હાલ મળતી કસ્ટમ ડ્યૂટી મુક્તિ માર્ચ 2027માં પૂર્ણ થાય છે. આ મુક્તિ 1 એપ્રિલ 2027થી 31 માર્ચ 2032 સુધી લંબાવવા નાણાં મંત્રાલય સમક્ષ ભલામણ કરવાની માંગ કરાઈ છે. ભારતે ટેક્સટાઈલ ઉદ્યોગનું બજાર 350 અબજ ડોલરનું લક્ષ્ય હાંસલ કરવા દેશભરમાં અંદાજે 3.50 લાખ વધારાનાં મશીનોની જરૂરિયાત હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. જ્યારે હાઈસ્પીડ વીવિંગ મશીનો પાછળ અંદાજે 15 અબજ ડોલરના મૂડીરોકાણની સંભાવના દર્શાવવામાં આવી છે.

રજૂઆત મુજબ, દેશમાં હાઈસ્પીડ રેપિયર લૂમ્સની જરૂરિયાત સામે સ્થાનિક ઉત્પાદનનો હિસ્સો માત્ર એક ટકા છે, જ્યારે 99 ટકા મશીનો આયાત કરવાં પડે છે. વોટરજેટ અને એરજેટ લૂમ્સ માટે સ્થાનિક ઉત્પાદન લગભગ નહિવત્ હોવાથી સંપૂર્ણપણે આયાત પર આધાર રાખવો પડે છે. આવા સંજોગોમાં કસ્ટમ ડ્યૂટી લાગુ કરવાથી ઉત્પાદકોને રક્ષણ મળવાને બદલે ભારતીય ઉદ્યોગોનો મશીનરી ખર્ચ વધશે. હાલ 7.5 ટકા બેઝિક કસ્ટમ ડ્યૂટી અને અન્ય લાગુ કરવેરા સહિત આયાત પર અંદાજે 9.74 ટકા વધારાનો બોજ પડે છે. રેપિયર, વોટરજેટ અને એરજેટ સહિત તમામ નિર્ધારિત હાઈસ્પીડ શટલલેસ મશીનો પર ઝીરો BCD ચાલુ રાખવા, તેના સ્પેરપાર્ટ્સ અને ઘટકોને પણ મુક્તિ આપવા તથા નીતિમાં કોઈ વિક્ષેપ ન આવે તેવી માંગ કરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

સિવિલમાં 103 દીવડાં પ્રગટાવી 103 અંગદાતાઓને શ્રદ્ધાંજલિ અપાઇ



સુરતઃ દિવાળીના પર્વે એક તરફ લોકો ઘરોમાં દીવડાં પ્રગટાવી પ્રકાશનું પર્વ ઉજવી રહ્યા છે, ત્યારે સુરત નવી સિવિલ હોસ્પિટલના અમરકક્ષમાં માનવતાના અજવાળાં પાથરનારા 103 અંગદાતાઓને અનોખી રીતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. નવી સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં 103 બ્રેઈનડેડ વ્યક્તિઓના પરિવારજનોએ અંગદાનનો નિર્ણય લીધો છે. આ પ્રસંગે તબીબી અધિક્ષક ડો. પારૂલ વડગામા, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલા, મેડિકલ ઓફિસર ડો. આર.ડી. બર્મન, ડો. મેહુલ ભાવસાર, શિક્ષણ સમિતિના સભ્ય ધર્મિષ્ઠાબેન પટેલ, નંદીનીબેન ગઢવી, અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકરો મકરંદ જોષી, સની રાજપૂત સહિત તબીબી અને નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

પરવટ પાટિયા ગૃહસ્વપ્ન સોસાયટીમાં સ્નેહમિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ



સુરતઃ સુરત શહેરના પરવત વિસ્તારમાં આવેલી ગૃહસ્વપ્ન હાઉસિંગ સોસાયટીમાં દિવાળી પર્વ નિમિત્તે ભાઈ-બહેનો અને બાળકો માટે સ્નેહમિલન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રકાશના પવિત્ર પર્વના દિવસે સોસાયટીના રહીશોએ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી આનંદ-ઉલ્લાસ સાથે તહેવારની ઉજવણી કરી હતી. આ સોસાયટીમાં ગુજરાતી, મરાઠી, ઉત્તર ભારતીય અને દક્ષિણ ભારતીય સહિત વિવિધ પ્રદેશોના પરિવારો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. કાર્યક્રમના આયોજનમાં સોસાયટીના પ્રમુખ કુસુમા સોમૈયા, સંજય રાઠોડ, નરેશ અંજીરવાલા, કૈલાશબેન , રાજેશ સૂર્યવંશી, રાપોલુ બચ્ચીરામુલુ તથા કમિટીના સભ્યોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમનું સંચાલન દ્વિવેદી સખિયાવાલાએ કર્યું હતું.

ભીવંડીમાં પદ્મદર્શનસૂરીજી મહારાજની નિશ્રામાં જ્ઞાન પંચમીની ઉજવણી



શ્રી ગોકુલનગર નજરાના જૈન સંઘ ભીવંડીના જૈન ભવન ખાતે પ્રવચનપ્રભાવક જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં જ્ઞાનપંચમી પર્વની ઉજવણી તપ, ત્યાગ, દેવવંદન અને જિનવાણીનાં શ્રવણ સાથે હર્ષોલ્લાસપૂર્વક થઇ હતી. દિવાળી એ પ્રકાશનું, મૌન એકાદશી મૌનનું, સંવત્સરિ ક્ષમાપનાનું પર્વ છે તો જ્ઞાનપંચમી એ આત્મ-જ્ઞાનનું પર્વ છે. શુષ્કજ્ઞાન એ અભિશાપરૂપ છે પણ સમ્યક્ જ્ઞાન એ પરિણતિરૂપ જ્ઞાન છે. શાસ્ત્રમાં ત્રણ પ્રકારનું જ્ઞાન બતાવવામાં આવ્યું છે.

IIT મદ્રાસે સુરતની MANTRA સંસ્થાને ટેક્નિકલ સહયોગી તરીકે પસંદ કરી

ટેક્સટાઇલ ડાઈંગ ઉદ્યોગમાં પાણી અને ઊર્જાની બચત માટે રાષ્ટ્રીય પહેલ

MSME એકમોને નિઃશુલ્ક ટેક્નિકલ ઓડિટ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન મળશે

સુરત : દેશની અગ્રણી શૈક્ષણિક અને સંશોધન સંસ્થા IIT મદ્રાસે ટેક્સટાઇલ ડાઈંગ અને પ્રોસેસિંગ ઉદ્યોગમાં જળ અને ઊર્જાની કાર્યક્ષમતા વધારવાના રાષ્ટ્રીય કાર્યક્રમ માટે સુરત સ્થિત MANTRA (મેનમેડ ટેક્સટાઇલ્સ રિસર્ચ એસોસિએશન)નો ટેક્નિકલ સહયોગ મેળવવા સંપર્ક કર્યો છે. ભારત સરકારના કાપડ મંત્રાલય સાથે સંકળાયેલી MANTRAની પસંદગી સુરતના ટેક્સટાઇલ સંશોધન ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે. IIT મદ્રાસ અને આંતરરાષ્ટ્રીય કંપની Grundfos દ્વારા સંયુક્ત રીતે શરૂ કરાયેલા Grundfos × IIT Madras Water-Energy Nexus Excellence Awards 2026 અંતર્ગત આ પહેલ હાથ ધરવામાં આવી રહી છે. તેનો મુખ્ય ઉદ્દેશ ટેક્સટાઇલ MSME એકમોમાં પાણી અને ઊર્જાનો વપરાશ ઘટાડવા, ઉત્પાદન ખર્ચમાં બચત કરવા તથા ટકાઉ ઉત્પાદન પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનો છે.

આ કાર્યક્રમ હેઠળ ઉદ્યોગોની નોંધણી સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે. પ્રારંભિક મૂલ્યાંકન બાદ પસંદગી પામનારા ટોચના 10 ડાઈંગ એકમોનું પાણી અને ઊર્જા વપરાશ અંગે વિગતવાર ટેક્નિકલ ઓડિટ પણ વિનામૂલ્યે કરવામાં આવશે. તેમાં સંસાધનોના વપરાશ, કાર્યક્ષમતા અને પર્યાવરણીય કામગીરીનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરાશે. ઉપરાંત, વોટર ફૂટપ્રિન્ટ, કાર્બન ફૂટપ્રિન્ટ, ઊર્જા વ્યવસ્થાપન અને પાણીના રિસાયક્લિંગ જેવા વિષયો પર વર્કશોપ તથા ક્ષમતા નિર્માણ કાર્યક્રમો યોજાશે. શ્રેષ્ઠ કામગીરી કરનારા એકમોને IIT મદ્રાસનું પ્રમાણપત્ર અને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવવાની તક મળશે.

MANTRA આ કાર્યક્રમના લાભ સુરત, પાંડેસરા, સચિન, પલસાણા, કડોદરા અને વાપી સહિત દક્ષિણ ગુજરાતના ટેક્સટાઇલ ક્લસ્ટરો સુધી પહોંચાડશે. ઉદ્યોગોને નોંધણી અને મૂલ્યાંકનમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવાની સાથે ટેક્નિકલ માર્ગદર્શન પણ પૂરું પાડશે. IIT મદ્રાસ અને MANTRAનો આ સહયોગ સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા વધારવાની નવી તક પૂરી પાડશે.

ક્રિસમસ પહેલાં હીરા-ઝવેરાતની નિકાસમાં 34 ટકાનો તોતિંગ ઉછાળો

ઓક્ટોબરમાં ભારતની જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસ 27,862.82 કરોડ પર પહોંચી

સુરત : ઓક્ટોબર 2026માં જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. GJEPCના આંકડા અનુસાર ઓક્ટોબરમાં ભારતની કુલ નિકાસ વાર્ષિક ધોરણે ડોલરમાં 34.01 ટકા વધીને 2.92 અબજ ડોલર (રૂપિયા 27,862.82 કરોડ) થઈ છે. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન કુલ નિકાસ 17.22 અબજ ડોલર નોંધાઈ છે, જે ગયા વર્ષના 16.05 અબજ ડોલરની સરખામણીએ 7.28 ટકા વધુ છે. ઓક્ટોબરમાં કટ અને પોલિશ્ડ ડાયમંડની નિકાસ 10.50 ટકા વધીને 1.13 અબજ ડોલર થઈ છે. સોનાનાં સાદાં અને જડિત ઘરેણાંની નિકાસ 48.20 ટકા વધીને 1.26 અબજ ડોલર નોંધાઈ છે. તેમાં જડિત સોનાનાં ઘરેણાંની નિકાસમાં 67.30 ટકાનો જંગી વધારો થયો છે.

નવા ઓર્ડર અને ભાવમાં સ્થિરતા આવવી ઉદ્યોગ માટે સકારાત્મક સંકેત

GJEPCના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે વર્તમાન ગતિ જળવાઈ રહે તો નાણાકીય વર્ષ 2026-27ના અંત સુધીમાં નિકાસમાં 10 ટકાની વૃદ્ધિ હાંસલ થવાની આશા છે. પોલિશ્ડ હીરાના વેપારમાં સુધારો, નવા ઓર્ડર અને ભાવમાં સ્થિરતા આવવી ઉદ્યોગ માટે સકારાત્મક સંકેત છે. કિરણ જેમ્સના મેનેજિંગ ડિરેક્ટર દિનેશ લખાણીએ જણાવ્યું હતું કે હોંગકોંગ અને બેલ્જિયમ તરફ વેપાર પ્રવાહ વધ્યો છે. યુએઈમાં વેપાર સામાન્ય બનશે તો મધ્યપૂર્વ ફરી મહત્ત્વનું નિકાસ કેન્દ્ર બની શકે છે. જોકે, ઊંચા સોના-ચાંદીના ભાવને કારણે ખરીદદારો ઓર્ડરની માત્રા અંગે સાવચેતી રાખી રહ્યા છે.